રાજ ઠાકરેનું મોદીને સમર્થન

નવી દિલ્હી,તા.૯

એક મહત્વપૂર્ણ રાજકીય ઘટનાક્રમ વચ્ચે મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા રાજ ઠાકરેએ આજે લોકસભાની ચૂંટણી માટે ઉમેદવારોની જાહેરાત કરી હતી. સાથે સાથે એવી જાહેરાત પણ કરી હતી કે, ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીને તેમની પાર્ટી ટેકો આપશે. મુંબઈમાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાની આઠમા સ્થાપના દિવસના પ્રસંગે પક્ષના કાર્યકરોને સંબોધતા રાજ ઠાકરેએ કહ્યું હતું કે, અમે લોકસભાની ચૂંટણી લડવા જઈ રહ્યા છે. ચૂંટણી દરમિયાન તેમની પાર્ટીની તાકાતને દર્શાવવામાં આવશે. રાજે વડાપ્રધાનના હોદ્દા માટે નરેન્દ્ર મોદીને ટેકો આપવાની જાહેરાત કરી હતી. રાજે કહ્યું હતું કે, મોદી દેશના વડાપ્રધાન બનવા જોઈએ. રાજ ઠાકરેની જાહેરાતને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. જો કે, રાજ ઠાકરેની લોકસભા ચૂંટણી લડવાની જાહેરાતથી એનડીએને નુકસાન થવાની શક્યતા રહેલી છે. કારણ કે છેલ્લી ચૂંટણીમાં પણ રાજ ઠાકરેની પાર્ટીએ ભાજપ અને શિવસેનાના મત બગાડ્યા હતા. કોંગ્રેસ સામે મત વિભાજનને ટાળવા તેમના ઉમેદવાર મેદાનમાં ન ઉતારવા મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા રાજ ઠાકરેને ભાજપ દ્વારા અપીલ કરવામાં આવી હતી. પરંતુ રાજ ઠાકરે દ્વારા આ ઓફરને ફગાવી દેવામાં આવી છે. મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના બાલા નંદગાવકર મુંબઈ સાઉથમાં સેનાના અરવિંદ સાવંત સામે મેદાનમાં ઉતરશે. આ વિસ્તારમાં કોંગ્રેસના મિલિંદ દેવરા અને એએપીના મીરા સાન્યાલ અન્ય ઉમેદવાર રહેશે. આવી જ રીતે દક્ષિણ મધ્ય મુંબઈમાં રાજ ઠાકરેની પાર્ટી તરફથી આદિત્ય શિરોડકર મેદાનમાં ઉતરશે. અહીં શિવસેનાના રાહુલ સેવાલે મેદાનમાં રહેશે. કોંગ્રેસના સાંસદ એકનાથ ગાયકવાડ પણ મેદાનમાં છે. અભિનેતામાંથી નિર્દેશક બનેલા મહેશ માંજરેકર શિવસેનાના પીઢ નેતા ગજાનંદ કિરીટકર સામે મેદાનમાં ઉતરશે. અહીં કોંગ્રેસના સાંસદ ગુરુદાસ કામત અને એએપીના મયંક ગાંધી પણ મેદાનમાં છે. કલ્યાણ ડોંબીવલીમાં રાજ ઠાકરેની પાર્ટી તરફથી રાજીવ પાટીલ મેદાનમાં ઉતરશે. અહીં શિવસેનાના શ્રીકાંત શિંદે મેદાનમાં રહેશે. મહારાષ્ટ્ર નવનિર્માણ સેના મુંબઈ નોર્થ-ઈસ્ટ અને મુંબઈ નોર્થ-વેસ્ટ બેઠક પરથી ચૂંટણી લડશે નહીં. આ બે બેઠક ભાજપની રહી છે. એવા સંકેત મળી રહ્યા છે કે, મુંબઈ નોર્થમાંથી પ્રવિણ દારેકરને મેદાનમાં ઉતારવામાં આવી શકે છે. અહીંથી ભાજપના ગોપાલ શેટ્ટી ચૂંટણી લડી રહ્યા છે. કોંગ્રેસના સાંસદ સંજય નિરુપમ વચ્ચે સ્પર્ધા જામશે. રાજ ઠાકરેએ કહ્યું હતું કે, મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના ઉમેદવારોની બીજી યાદી એક બે દિવસમાં જારી કરવામાં આવશે. રાજ ઠાકરેનું કહેવું છે કે, તેઓ તેમની પ્રથમ જાહેર સભા અંગે ટૂંકમાં જાહેરાત કરશે અને આ જાહેર રેલીમાં જ છેલ્લા થોડાક દિવસમાં તેમની પાર્ટી દ્વારા જે આક્ષેપો સામનો કરવામાં આવી રહ્યો છે તેનો જવાબ આપશે.

વારાણસી બેઠક અંગે પક્ષનો નિર્ણય સ્વીકાર્ય રહેશે : જોશી

નવી દિલ્હી,તા.૯

વારાણસીમાંથી નરેન્દ્ર મોદીને મેદાનમાં ઉતારવાની હિલચાલ અંગે ભાજપમાં કહેવાતા વિખવાદ અંગે મૌન તોડતા ભાજપના વરિષ્ઠ નેતા મુરલી મનોહર જોશીએ આજે કહ્યું હતું કે, પાર્ટી દ્વારા જે કંઈપણ નિર્ણય લેવામાં આવશે તે નિર્ણયને તેઓ સ્વીકારશે. એક શિસ્તમાં રહેલા સૈનિકની જેમ પક્ષના નિર્ણયને પાળશે. વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની પ્રતિષ્ઠાને ફટકો પડે તેવા કોઈ પ્રયાસ કરવામાં આવશે નહીં. ભાજપના ચૂંટણી દેખાવ આડે અડચણો ઉભી થાય તેવા પ્રયાસ પણ કરાશે નહીં. પત્રકારો સાથે વાતચીત કરતા મુરલી મનોહર જોશીએ કહ્યું હતું કે, સંસદીય બોર્ડ દ્વારા આ નિર્ણય લેવામાં આવશે. ૧ ઉમી માર્ચના દિવસે અંતિમ નિર્ણય થશે. જોશી ગયા વખતે વારાણસીમાં જીતી ગયા હતા. તેમણે કહ્યું છે કે, પક્ષનું કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક દ્વારા ૧ ઉમી માર્ચે આ અંગે નિર્ણય લેવાશે. વારાણસીમાં નરેન્દ્ર મોદી અને તેમની વચ્ચે કોઈ પોસ્ટર વિવાદ હોવાના અહેવાલને જોશીએ રદિયો આપ્યો હતો અને કહ્યું હતું કે, મિડિયા દ્વારા આ પ્રકારની માનસિક કલ્પના ઉભી કરવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું કે, એક શિસ્તમાં રહેતા સૈનિકની

જેમ તેઓ વર્તન કરનાર છે. પ્રતિષ્ઠિત પૂર્વીય ઉત્તરપ્રદેશની બેઠક પરથી નરેન્દ્ર મોદીને મેદાનમાં ઉતારવામાં આવશે તો શું કરશે તે અંગે પુછવામાં આવતા જોશીએ કહ્યું હતું કે, પક્ષના નિર્ણયને તેઓ સ્વીકાર કરશે. આ પ્રકારના મુદ્દાઓ ઉપર તેઓ વધારે વાત કરવા માંગતા નથી. જે કંઈપણ કહેવાનું હશે તે પક્ષની અંદર કહીશ. વિવાદના સંદર્ભમાં તેમના વલણ અંગે ખુલાસો કરવા પ્રશ્નો કરવામાં આવ્યા હતા. તેમણે કહ્યું હતું કે, ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીની પ્રતિષ્ઠાને ફટકો પડે અથવા તો પાર્ટીને નુકસાન થાય તેવું કોઈ કામ કરવામાં આવશે નહીં. શનિવારના દિવસે સીઈસીની બેઠકમાં જોશીએ તેમની નારાજગી વ્યક્ત કરી હતી. વારાણસીમાંથી મોદીને મેદાનમાં ઉતારવામાં આવનાર છે તેવા અહેવાલ બાદથી જોશી નાખુશ દેખાઈ રહ્યા હતા. જોશીએ લીડરશીપ પાસેથી ખુલાસો માંગ્યો હતો. પક્ષની અંદર ઘણા લોકો માની રહ્યા છે કે, મોદીની ઉપસ્થિતિ અતિમહત્વપૂર્ણ બેઠક પર ભાજપને લાભ અપાવી શકે છે. કેટલાક નેતાઓ માની રહ્યા છે કે, જોશી ઘણા સમયથી તેમના મતવિસ્તારમાં ગયા નથી. બીજી બાજુ જોશી તેમના પ્રચારને લઈને વ્યસ્ત બની ચુક્યા છે. જોશીનું કહેવું છે કે, ભાજપ અનાજના લઘુત્તમ સમર્થન મુલ્ય અંગે નિર્ણય લેવા કાયમી પંચની રચના કરવા નિર્ણય લેવા માંગે છે. ખેડૂતો સાથે સંબંધિત મુદ્દાઓને પણ ધ્યાનમાં લેવા માંગે છે.

કેદારનાથ શ્રદ્ધાળુઓ માટે હવે હાઈટેક સુરક્ષા રહેશે

નવી દિલ્હી ,તા.૯

કેદારનાથની યાત્રાને લઇને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. કેદારનાથના યાત્રીઓ આ વર્ષે તેમની સુરક્ષા માટે સ્પેશિયલ મોબાઇલ એફ્સનો ઉપયોગ કરી શકશે. કોઇપણ ઇમરજન્સીના કેસમાં સત્તાવાળાઓને એલર્ટ પણ કરી શકશે. ઉત્તરાખંડ સરકાર કેદારનાથની યાત્રીને લઇને અંતિમ તૈયારીમાં વ્યસ્ત છે. યોથી મેના દિવસે શ્રદ્ધાળુઓ માટે કેદારનાથના દ્વાર ખોલવામાં આવનાર છે. ગયા વર્ષે વિનાશકારી પુરના કારણે ચારધામની યાત્રા ખોરવાઈ ગઈ હતી. કેદારનાથમાં સૌથી વધારે નુકસાન થયું હતું. ઉત્તરાખંડના મુખ્યમંત્રી હરીશ રાવતે કહ્યું છે કે , તેમની સરકાર સ્પેશિયલ મોબાઇલ એફ્સ સહિત અતિઆધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરશે. યાત્રા દરમિયાન શ્રદ્ધાળુઓને કોઇપણ પ્રકારની તકલીફ ન પડે તે માટે તમામ પ્રયાસ કરવામાં આવશે. ગયા મહિને વિજય બહુગુણાથી ચાર્જ પોતાના હાથમાં લેનાર રાવતે કહ્યું હતું કે , અમારી પ્રથમ પ્રાથમિક યાત્રીઓની સુરક્ષાની ખાતરી કરવાની રહેશે. અમે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી છે. અમે અમારા ટેલિકોમ નેટવર્કને પણ મજબૂત કરીશું. નોંધણીના સમયે યાત્રીઓને ખાસ મોબાઇલ એફ્સ આપવામાં આવશે. રાવતે કહ્યું હતું કે , કોઇપણ પ્રકારની તકલીફ્માં હોવાની સ્થિતિમાં યાત્રીઓ આનો ઉપયોગ કરી શકે છે જેથી સત્તાવાળાઓ તરત જ સંપર્ક કરશે. ભીમબલી અને ગુપ્તકાશીમાં હેડક્વાર્ટર પણ બનાવવામાં આવી રહ્યા છે. તેમની સરકાર હવામાનના સંદર્ભમાં છેલ્લી માહિતી મેળવવા માટે ખાસ સેટેલાઇટનો ઉપયોગ કરનાર છે. આ સેટેલાઇટ પહેલેથી જ સ્થાપિત કરવામાં આવી ચુક્યા છે. રાજ્યમાં બીએસએનએલ નેટવર્કને અપગ્રેડ કરવામાં આવશે. આના માટે તમામ ફંડને મંજુરી અપાઈ છે.

જશપાલ ભટ્ટીના પત્નિએ ઉમેદવારી પાછી ખેંચી

આમ આદમી પાર્ટીના સ્થાનિક નેતાઓના વલણથી ખુબ નાખુશ હતા : સહાયતા ન કરી રહ્યા હોવાનો સીધો આક્ષેપ

ચંદીગઢ,તા.૯

આમ આદમી પાર્ટીના હાલના વર્તનથી નારાજગી વ્યક્ત કરીને સવિતા ભટ્ટી ચંદીગઢ સંસદીય બેઠક પરથી સ્પર્ધામાંથી બહાર આવી ગઈ છે. આનો મતલબ એ થયો કે, સવિતા ભટ્ટી આમ આદમી પાર્ટીની ટિકિટ ઉપર ચૂંટણી લડશે નહીં. જાણીતા કોમેડિયન અને ટોચની હસ્તી જશપાલ ભટ્ટીના વિધવા સવિતા ભટ્ટીએ દિલ્હીમાં એએપીની ઓફિસ ઉપર ઈમેઈલ કરીને જાણ કરી છે કે, તેઓ સામાન્ય ચૂંટણી લડવામાં કોઈ ઉત્સાહ ધરાવતા નથી અને સામાન્ય ચૂંટણી લડવા પણ માંગતા નથી. તેમના નિર્ણય અંગે વધુ માહિતી આપવાનો સવિતા ભટ્ટીએ ઈન્કાર કરી દીધો છે. પરંતુ પક્ષના સૂત્રોએ કહ્યું છે કે, સવિતા ભટ્ટી એએપીના કાર્યકરો તરફથી સ્થાનિક સ્તર ઉપર કોઈપણ પ્રકારનો ટેકો મળી રહ્યો ન હતો. તેમની ઉમેદવારીની જાહેરાત કરવામાં આવ્યા બાદથી એએપીના કાર્યકરો

તેમનાથી દૂર ભાગી રહ્યા હતા. બાવન વર્ષીય સવિતા ભટ્ટીએ ગયા રવિવારે તેમના ચૂંટણી પ્રચાર માટેનું રણશિંગુ ફૂંકી દીધું હતું છતાં પણ સ્થાનિક એએપીના નેતાઓ તેમની નજીક આવ્યા ન હતા. સવિતા ભટ્ટી ચંદીગઢ લોકસભાની બેઠક પરથી ચૂંટણી લડનાર હતી. સવિતાએ એ વખતે કહ્યું હતું કે, ભ્રષ્ટાચાર સામેની લડાઈ અને સામાન્ય લોકો દ્વારા સામનો કરવામાં આવી રહેલી અન્ય સમસ્યા ચૂંટણી પ્રચાર દરમિયાન તેમની પ્રાથમિકતાના મુખ્ય મુદ્દા રહેશે. તેમના સંબંધિત રાજકીય પક્ષો દ્વારા ટીવી કલાકારોની પસંદગી કરવામાં આવી રહી છે. બે મુખ્ય પક્ષો શાસક કોંગ્રેસ અને ભાજપે હજુ સુધી ચંદીગઢ બેઠક માટે તેમના ઉમેદવારની જાહેરાત કરી નથી. ચંદીગઢ બેઠક પર હાલ કોંગ્રેસના પવનકુમાર બંસલ પ્રતિનિધિત્વ કરે છે. અત્રે નોંધનીય છે કે, ઓક્ટોબર ૨૦૧૨ માં કાર અકસ્માતમાં હાસ્ય કલાકાર અને ટિકાત્મક લોકપ્રિય કાર્યક્રમો આપી ચુકેલા ભટ્ટીનું મોત થયું હતું.

સુરક્ષા દળોની તૈનાતી માટે ૧૦૦ ટ્રેનોનો ઉપયોગ થશે

નવી દિલ્હી ,તા.૯

લોકસભાની ચૂંટણી દરમિયાન તેનાતી માટે કેન્દ્રિય ગૃહ મંત્રાલય ૧૦૦ કરતા પણ વધાર ટ્રેનોનો ઉપયોગ કરનાર છે. આ મહાકાય કવાયતમાં ટ્રેનોનો ઉપયોગ એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં સુરક્ષા દળોન ખસેડવા માટે કરવામાં આવનાર છે. તમામ સુરક્ષા પાસાઓને ધ્યાનમાં લઇને હાલમાં જ લોકસભાની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી હતી. કેન્દ્રિય ગૃહ મંત્રાલયના સુત્રોના જણાવ્યા મુજબ રાજ્ય પોલીસ ઉપરાંત આશરે બે લાખ કેન્દ્રિય અર્ધલશ્કરી દળોના જવાનો અનેક તબક્કામાં યોજાનાર લોકસભાની ચૂંટણીમા ભાગરૂપે તેનાત કરવામાં આવશે. લોકસભાની ચૂંટણી માટેની શરૂઆત સાતમી એપ્રિલના દિવસે કરવામાં આવશે. અધિકારી સુત્રોએ કહ્યું છે કે કેન્દ્રિય ગૃહ સચિવ અનિલ ગોસ્વામી પહેલાથી રેલવે બોર્ડના ચેરમેનને આ અંગે પત્ર લખી ચુક્યા છે. ખાસ ટ્રેનોની વ્યવસ્થા કરવાની અપીલ કરવામાં આવી ચુકી છે. જ્યાં ક્યા પણ જરૂર પડે ત્યાં પુરતી વ્યવસ્થા કરવા માટે અપીલ કરવામાં આવી ચુકી છે. કેન્દ્રિય અર્ધલશ્કરી દળો દ્વારા કેટલાક મુદ્દા ઉઠાવવામાં આવ્યા બાદ હવે આ વિનંતિ કરવામાં આવી છે. ઉપરાંત સીઆરપીએફ દ્વારા દરેક કંપની માટે બે સ્લીપર કોચની વ્યવસ્થા કરવાની અપીલ પણ કરવામાં આવી છે. સમગ્ર હિલચાલ માટે ખાસ ટ્રેનોના બુકિંગ માટે નવી દિલ્હીમાં સિંગલ વિન્ડો

સિસ્ટમ ખોલવા માટે પણ અપીલ કરવામાં આવી છે. સીઆરપીએફ દ્વારા દરેક કંપની માટે નવી વ્યવસ્થા કરવા રજૂઆત કરવામાં આવ્યા બાદ આ મુદ્દે પણ ચકાસણી કરવામાં આવી રહી છે. જવાનોને ચૂંટણી વેળા એક જગ્યાથી બીજી જગ્યાએ લઇ જવા માટે તમામ વ્યવસ્થા કરવા કેન્દ્રિય ગૃહ મંત્રાલયની સાથે સાથે પંચ પણ સજ્જ છે. સુત્રોએ કહ્યું છે કે રોકવામાં આવેલી ટ્રેનોનો ઉપયોગ મુખ્યરીતે દળોને લાંબા અંતર માટે ખસેડવામાં કરવામાં આવશે. જ્યાર ટુંકા અંતર માટે રોડનો ઉપયોગ કરવામાં આવશે. લોકસભાની ચૂંટણીમાં મહત્તમ સંખ્યામાં લોકો ગોઠવવામાં આવશે.બીએસએફ દ્વારા ૨૮૦૦૦ જવાનો તૈનાત કરવામાં આવશે. જ્યારે બાકીના દળો એસએસબી, આઇટીબીપી અને આસામ રાઇફલના રહેશે.

મલેશિયન વિમાન દુર્ઘટનામાં ઉંડી ચકાસણી: ભારે સસ્પેન્સ

ઓસ્ટ્રીયા અને ઇટાલી દ્વારા માહિતી અપાયા બાદ નવો વળાંક : બ્લેક બોક્સને શોધી કઢાયા બાદ માહિતી મળશે

ક્વાલાલુમપુર,તા.૯

મલેશિયન વિમાન લાપત્તા થયા બાદ આને લને ઊંડી તપાસ ચાલી રહી છે. હજુ સુધી કોઈ ભાળ મળી રહી નથી પરંતુ આ દુર્ઘટનામાં એક નાટાત્મક ઘટનાક્રમ આવ્યો છે. આતંકવાદી ગતિવિધીના લીધે આ વિમાન દુર્ઘટના થઈ છે કે કેમ તેને લઈને પણ હવે તપાસ હાથ ધરવામાં આવી છે. આતંકવાદીઓએ આ વિમાનને ટાર્ગેટ બનાવ્યો છે કે કેમ તે અંગે હવે તપાસ ચાલી રહી છે. આ દુર્ઘટનાના ત્રાસવાદી કનેક્શન પણ હોઈ શકે છે. ઓસ્ટ્રીયા અને ઈટાલીએ દુર્ઘટનામાં શિકાર થયેલા વિમાનમાં બેયાત્રીઓની પાસે ચોરીના પાસપોર્ટ હોવાની સૂચના આપીને ખળભળાટ મચાવી દીધો છે. આની રિપોર્ટ ૨૦૧૨ માં થાઈલેન્ડમાં નોંધાવવામાં આવી હતી. બીજી બાજુ ઈટાલીના લિગી મરાલ્ડીના પાસપોર્ટ ઓગસ્ટ ૨૦૧ ૩માં ચોરી થઈ ગયો હતો. બંને દેશોએ કહ્યું છે કે આ નાગરિકો વિમાનમાં સવાર ન હતા. લાપત્તા થયેલા વિમાનના મામલામાં

તપાસ કરી રહેલી ટીમને હવે એક નવું કિરણ દેખાઈ રહ્યું છે.

થાઈલેન્ડના અખાતમાં આશરે ૧૦થી ૧૫ કિલોમીટરના અંતરમાં ઓઈલ લીકેજની સ્થિતિ જોવા મળી રહી છે. જાણકાર લોકોનું કહેવું છે કે આ પ્રકારથી ઓઈલ કોઈ દુર્ઘટના બાદ જ ફેલાઈ જાય છે. વિમાનના બ્લેક બોક્સને શોધી કાઢવાની પ્રક્રિયા ચાલી રહી છે. બ્લેક બોક્સ મલી ગયા બાદ વિમાન ટેકનીકલ કારણસર દુર્ઘટનાગ્રસ્ત થયું છે કે પછી આતંકવાદનો શિકાર થયો છે તે અંગે માહિતી મળી શકશે. ક્વાલાલુમપુરથી ઊંડાણ ભર્યા બાદ વિમાને એર ટ્રાફિક કંટ્રોલર (એટીસી) સાથે સંપર્ક ગુમાવી દીધો હતો. એમએચ ૩૭૦ ફ્લાઈટના બોઈંગ બી-૭૭૭-૨૦૦ વિમાન ક્વાલાલુમપુરથી સ્થાનિક સમય મુજબ રાત્રે ૧૨.૨૧ વાગે રવાના થયું હતું. આ વિમાન સવારે ૬.૩૦ વાગે બેજિંગ પહોંચનાર હતું પરંતુ આ વિમાન લાપત્તા થઈ ગયું હતું. વિમાનમાં યાત્રા કરી રહેલા લોકોમાં પાંચ ભારતીય, ૧૫૪ ચીની, ૩૮ મલેશિયન નાગરિકો હતા. ૧૨ ક્રૂમેમ્બર અને ૨૨૭ યાત્રીઓ હતા. ચીન દ્વારા પણ મામલામાં તપાસ હાથ ધરવામાં આવી છે.

સમાચાર ઝલક

- સૌરાષ્ટ્ર-કચ્છમાં ૪ પોઇન્ટની તીવ્રતાનાં ભૂકંપના આંચકા.
- ભાજપમાં કલંકિત વ્યક્તિઓને ટિકિટ આપતાં સુષ્મા સ્વરાજની નારાજગી.
- પ્રાંત કચેરીઓનું વિભાજન થતાં ગુજરાતમાં ૧૨૧ પ્રાંત કચેરીઓ અમલી બની.
- નૌસેનામાં વધુ એક દુર્ઘટના, એક મૃત્યુ, બેને ઇજા.
- મલેશિયાનાં લાપતાં વિમાનની શોધખોળમાં અનેક દેશો જોડાયા.
- ઊંઝા નજીક બનાવટી જીરૂની ૫૮ બોરીઓ આરોગ્ય વિભાગે ઝડપી.
- નરેન્દ્રભાઇ મોદી, મમતા બેનર્જી, જયલલિતા, નવીન પટનાયક, રાહુલ ગાંધી, માયાવતી વગેરે સંભવિત વડાપ્રધાન પદના ઉમેદવાર, બધા જ સિંગલ અથવા કુંવારા.
- અભિનેતા રણવીર કપૂર અને કેટરીના કૈફ શુટીંગ અર્થે શ્રીલંકા પહોંચ્યાં.
- અરવિંદ કેજરીવાલના ઘર આગળ 'આપ' કાર્યકર્તાનાં દેખાવો, ટિકીટ વહેંચણી મુદ્દે અસંતોષ.
- શારદા યુનિવર્સિટી ઉત્તરપ્રદેશમાં કાશ્મીરી ૬ વિદ્યાર્થીઓ સસ્પેન્ડ, ભારત-પાક મેચ વખતે 'પાકિસ્તાન ઝિંદાબાદ'નાં નારા લગાવ્યા હતા.
- વિકલાંગ કલશ શાહ જૈન ધર્મની સ્તુતિ, શ્લોકો બધુ મોટે બોલે છે, વાંચી-લખી શકતો નથી, જે માત્ર ૧૩ વર્ષનો છે.
- સોશ્યલ મીડિયા પર ચાલતી ચર્ચા અંગે આમીરખાને ફરિયાદ નોંધાવી.
- મુંબઇ વિમાની મથકે ૬૨ દરોડામાં અત્યાર સુધી ૧૭ કરોડની દાણચોરી પકડાઇ, દેશભરમાં સોનાની તસ્કરી વધી.
- બનાસકાંઠા જિલ્લાના લાખાણી મામલતદારની સરકારી ગાડી ચોરાઇ.
- કરજણમાં 3 પોલીસ વડાઓનાં સિક્કાઓ સાથે પોલીસ વેરીફિકેશનનું કૌભાંડ પકડાયું.
- પાલીતાણા નગરપાલિકાના પ્રમુખ ભુંડ પકડનાર પાસેથી ૫૦ હજારની લાંચ લેતા ઝડપાયા.

રસ્તે રઝળતી... (પાના નં. ૪નું ચાલું)

શાણપણ ભરેલી મૌલિકતા કરતાં મૌલિકતા સાથે મૂર્ખતા વારંવાર જોવા મળે છે. સત્ય માટે હજાર સંભવિત ભૂલો હોય છે. સંભવિત ભૂલને સત્ય માની લઇ અન્ય ભૂલોનો અંત લાવી શકાતો નથી.

તમારામાંથી ઘણા ઉચ્ચત્તર શિક્ષણ મેળવશે. વ્યક્તિઓ અને રાષ્ટ્રોની તીવ્ર સ્પર્ધા તમને કોઇ એક વિષયના વિશેષજ્ઞ બનવાની ફરજ પાડશે. વિજ્ઞાન ઉપર વધુ પડતો ભાર મૂકવાથી આજનું શિક્ષણ સાહિત્ય, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, સંગીત અને કલા જેવા વિષયોની પૂરતી સમજ આપતું નથી, પરંતુ તમારે વિચ્છિન્ન ન બનવું જોઇએ. તમારું વિદ્યાસરનું શિક્ષણ પુરૂં થાય, ત્યારે તમારે અઠવાડિયામાં ઓછામાં ઓછા બે કલાક સભ્યતાના આ પુષ્પો વિશે જ્ઞાન મેળવવા માટે ફાળવવા જોઇએ.

સારૂં સ્વાસ્થ્ય, સારૂં કામ, સદ્‌ભાગ્ય, સદચરિત્ર, સારા બાળકો અને સારા પૌત્ર તમને મળો એવી મારી શુભેચ્છા છે! જીવનનું પૂર્ણપાત્ર અંત સુધી પીઓ. કુદરત કસોટીઓ અને મુશ્કેલીઓ સર્જે જેથી તમારામાં દૃઢતાને વિકાસ થાય. ક્યારેક સજા પણ કરે છે, જેથી તમને ઉચિત કેળવણી પ્રાપ્ત થાય. તમારી આસપાસ અથાગ સૌંદર્ય શાણપણ અને પ્રેમનો અખૂટ ભંડાર ફેલાયલો છે તને માટે પ્રભુનો અને પ્રકૃતિનો આભાર માનો.

શબ્દ સમીપે (પાના નં. ૪થાનું ચાલું)

ગરિમાને અને ખાસ તો એની વિચારધારાને રાષ્ટ્રભક્તિ રૂપે પ્રસ્તુત કરવાનો છે કૈકેયીનું આ વૈચારિક મૂળ સ્વરૂપ ઇતિહાસ પણ નકારી શકે તેમ નથી. તેથી આ નાટકની પ્રસ્તુતિનો આશય રાષ્ટ્રપ્રેમની જ્યોત જલતી રાખવાનો અને કૈકેયીના પાત્રને યુગો જૂની અસતતાને દૂર કરી એની સત્વતાને કૈકેયીની વિચારધારા કરતાં આપણી, સમાજની યુગો જુની વિચારધારા બદલવાની જરૂર છે. કેમકે આપણે કંઇ કેટલાંક ઐતિહાસિક પાત્રોને, એના મૂલ્યને અને એમની વિચારધારાને સાચી રીતે મૂલવવામાં પાછળ રહ્યા છીએ.

'રાજમાતા કૈકેયી'નું આ નાટ્યરૂપાંતર રંગમંચ પર ભજવાય અને કૈકેયીની રાષ્ટ્રભક્તિ અને નારીશક્તિનું મૂલ્ય આજની વર્તમાન સ્થિતિને સમજાય તો લેખકનો આ પરિશ્રમ લેખે લાગ્યો ગણાશે. ડો. કમૈયાલાલ ભટ્ટને તેમના આ પ્રયાસ બદલ બિરદાવું છું અને ધન્યવાદ પાઠવી આવકારું છું.

॥ રાજમાતા કૈકેયી ॥
(દોલત ભટ્ટ લિખિત નવલકથા 'કૈકેયી' પર આધારિત નાટક)
લેખક - કમૈયાલાલ ભટ્ટ
પ્રકાશક - જાહ્નવી પ્રકાશન, પ્લોટ નં.૧૧૮૫/૫, સેક્ટર-૩ડી, ગાંધીનગર-૩૮૨૦૦૬
કિંમત : રૂા. ૧૭૫, પૃષ્ઠ-૭૯, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૩

લોકસભા ચૂંટણી: એએપીના જવાબથી ચૂંટણી પંચ નાખુશ

નવી દિલ્હી,તા.૯

ચૂંટણી આચારસંહિતાના ભંગના આરોપ પર આમ આદમી પાર્ટી દ્વારા મોકલવામાં આવેલા જવાબને લઈને ચૂંટણી પંચ નાખુશ હોવાનું જાણવા મળી રહ્યું છે. એવું જાણવા મળ્યું છે કે ભાજપની ઓફિસ પર દેખાવો કરીને આમ આદમી પાર્ટીના નેતાઓ અને કાર્યકરોએ કાયદાનો ભંગ કર્યો હતો. સાથે સાથે આચારસંહિતાનો પણ ભંગ કર્યો હતો. ચૂંટણી પંચ પોતાની તરફથી અહેવાલ બનાવીને કેન્દ્રીય ચૂંટણી પંચને મોકલવાની તૈયારીમાં છે. આમ આદમી પાર્ટીની માન્યતા રદ કરવામાં આવે કે કેમ તેને લઈને મોડેથી નિર્ણય લેવામાં આવશે. દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના લીડર અરવિંદ કેજરીવાલની ગુજરાતમાં અટકાયત કરવામાં આવ્યા બાદ આમ આદમી પાર્ટીના કાર્યકરો અને નેતાઓએ આ બનાવ સામેના વિરોધમાં અશોક રોડ સ્થિત ભાજપની ઓફિસ ઉપર જોરદાર તોડફોડ કરી હતી. એવો આક્ષેપ છે કે આમ આદમી પાર્ટીના કાર્યકરોએ જોરદાર પથ્થરમારો કર્યો હતો. ખુરશીઓ પણ ફેંકી હતી. ફર્નિચરને નુકસાન પહોંચાડ્યું હતું. દિલ્હી ચૂંટણી અધિકારી વિજય દેવના નિર્દેશન ઉપર નવી દિલ્હી જિલ્લાના ચૂંટણી અધિકારી અમીય અભિયકર દ્વારા આમ આદમી પાર્ટીને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી હતી. જવાબમાં આમ આદમી પાર્ટીએ ખાતરી આપી હતી કે ભવિષ્યમાં પક્ષના કાર્યકરો આ પ્રકારની ધાધલ ધમાલ કરશે નહીં. ભવિષ્યમાં ચૂંટણી પંચને સહકાર આપવામાં આવશે પરંતુ ચૂંટણી પંચના સૂત્રોએ કહ્યું છે કે પંચના અધિકારી આ જવાબથી ખુશ નથી.